દેશોતરની સીમમાંથી મળેલો મૃતદેહનો ભેદ ઉકેલાયો

માનસિક ત્રાસથી કંટાળી પુત્રએ પિતાનું ટીમ ટાળી દીધુ

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના દેશોતર ગામની સીમમાંથી અઢી માસ અગાઉ એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળતા તે અંગેની ફરીયાદ જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ તેની તપાસ સાબરકાંઠા એલસીબી કરી રહી હતી. ત્યારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં એક મહીલાએ કરેલી લેખિત રજુઆત બાદ પોલીસને માટે તે ખુબજ ઉપયોગી સાબિત થઈ હતી. ત્યારબાદ પોલીસે ભારે જહેમત બાદ આ મૃતદેહનો ભેદ ઉકેલી તેમાં પિતાનું ખુન કરનાર હત્યારા પુત્રને ઝડપી લઈ જેલ હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ ગત તા. ૧-૫-૨૦૧૯ના રોજ દેશોતર ગામની સીમમાંથી એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો હતો. ત્યારબાદ તે અંગેની ફરીયાદ જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. દરમ્યાન આ અંગે હિંમતનગરમાં રહેતા મુકેશભાઈ સુગનલાલ પ્રજાપતિ ગુમ થયા હોવાની જાણ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં કરાઈ હતી. જેથી પોલીસે અજાણ્યા મૃતદેહનો ભેદ ઉકેલવા માટે મોટો સુરાગ મળ્યો હોય તેમ પ્રથમ તબક્કે લાગ્યુ હતુ.

ત્યારબાદ પોલીસે આ અંગે આ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં એવુ જાણવા મળ્યુ હતુ કે મૃતક મુકેશભાઈ પ્રજાપતિ હિંમતનગરના વિરાટનગરમાં રહેતા હતા અને ખેડૂતો પાસેથી જથ્થાબંધના ભાવે મકાઈ ડોડા તથા તડબુચનો વેપાર કરતા હતા. ગમે તે કારણસર તેઓ દેવાદાર થઈ ગયા હતા. જેથી તેમના ત્રણ બાળકો તથા પત્નિને રોજબરોજ માનસિક ત્રાસ આપતા હતા. જેથી કંટાળીને તેમની પત્નિ તથા બે બાળકો લઈને સુરત જતા રહ્યા હતા. દરમ્યાન તેમનો મોટો પુત્ર પણ માતાની સાથે ગયો હતો જ્યાં કોઈક કારણસર મનમેળ ન થતા તે પાછો આવી ગયો હતો. બીજી તરફ મુકેશભાઈ પ્રજાપતિ દ્વારા અનેક વખત માનસિક ત્રાસ આપવાનું ચાલુ રખાતા તે કંટાળી ગયો હતો અને પિતાનું કાસળ કાઢવાનુ નક્કી કરીને તેના ખાસ મિત્ર લલિત રાજપુરોહિત (શક્તિનગર, હિંમતનગર)ને બોલાવી પોતાનો પ્લાન સમજાવ્યો હતો.

જેથી મુકેશભાઈ પ્રજાપતિના સોળ વર્ષથી નીચેના પુત્ર તથા તેના મિત્ર લલિત પુરોહીતે ભેગા મળી મુકેશભાઈને ગત તા. ૧-૫-૨૦૧૯ અગાઉ ગમે ત્યારે ઈડર તાલુકાના ચોરીવાડ ખાતે તડબુચ જોવા જવાનું કહી એક કારમાં બેસાડી હિંમતનગરથી નીકળ્યા હતા. જ્યાં હિંમતનગરથી નીકળ્યા ત્યાં ધાણધા નજીક પહોંચતા મુકેશભાઈ પ્રજાપતિના પુત્રએ દુપટ્ટા વડે પિતાનું ગળુ દબાવી દીધુ હતુ. આ જ વખતે તેનો મિત્ર લલિત પુરોહિત કાર ચલાવતો હતો. ત્યારબાદ બંને જણા ઈડરથી ખેરાલુ જતા રોડ પર દેશોતર ગામની સીમમાં આવેલા એક તળાવ નજીક મૃતદેહને કારમાંથી ફેંકી દઈ તેઓ જીવીત ન રહે તે આશયથી બેઝ બોલની સ્ટીકથી મુકેશભાઈ પ્રજાપતિના માથાના ભાગે ફટકો માર્યો હતો તથા તેના મિત્ર લલિત રાજપુરોહીતે પણ સ્ટીકથી ફટકો માર્યા બાદ બંને જણા ભાગી ગયા હતા અને જતી વખતે કારનું ટાયર મુકેશભાઈ પર ચઢાવી દીધુ હતુ. પોલીસે પુછપરછ દરમ્યાન મૃતકના પુત્ર તથા તેના મિત્રએ આપેલી કેફીયતને આધારે વધુ પુછપરછ હાથ ધરી છે.

મૃતકની પત્નિ બીજે જતી રહી

મુકેશભાઈ પ્રજાપતિના અસહ્ય માનસિક ત્રાસથી કંટાળીને તેમના પત્નિ થોડા સમય અગાઉ સુરત જતા રહ્યા હતા. જ્યાં અત્યારે તેણી બે બાળકો સાથે અન્ય પરીવારમાં રહીને જીવન ગુજારો કરી રહી છે.

પુત્રએ પિતાને પતાવી દીધાની જાણ માતાને કરી હતી

મુકેશભાઈનું ખુન કરી દીધા બાદ તેમના સોળ વર્ષના પુત્રએ માતાને જાણ કરી દીધી હતી. ત્યારબાદ તેણીએ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં આવીને મૃતકના ફોટા જોઈ ઓળખ કરતા પોલીસને તપાસમાં મોટી સફળતા મળી હતી.

બંને જણા બાલોતરા જતા રહ્યા હતા

મુકેશભાઈ પ્રજાપતિની હત્યા કર્યા બાદ તેમનો પુત્ર અને તેનો મિત્ર લલિત રાજપુરોહીત રાજસ્થાનના બાલોતરા જતા રહ્યા હતા જ્યાંથી કેટલાક દિવસ બાદ પરત હિંમતનગર આવ્યા હતા અને પોલીસે બાતમીને આધારે તેમને ઝડપી લીધા હતા.

આનંદીબેન પટેલ અંબાજી મંદિરના દર્શને પહોંચ્યા...

ગુજરાત ના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશ ના નવા નિમાયેલા રાજ્યપાલ આનંદીબેન પટેલ શક્તિપીઠ અંબાજી ની મુલાકાતે આવ્યા પાલનપુર પાસે ના ચડોતર ગામે શિક્ષણ ના કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ શક્તિપીઠ અંબાજી ના દર્શન કરવા આવી પહોંચ્યા અંબાજી મંદિર ટ્રસ્ટ તરફથી તેમને ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યુ, અંબાજી મંદિર ના ગર્ભગૃહ મા જઈ પુજા અર્ચના કરી ,મંદિર ના મહારાજ દ્વારા ચૂંદડી ઓઢાઢી માતાજી ના આશીર્વાદ આપવામા આવ્યા ત્યારબાદ તેમને મંદિર ની સામે આવેલી માતાજી ની ગાદી ના દર્શન કર્યા ,ભટ્ટજી મહારાજ દ્વારા તેમને રક્ષા કવચ બાંધવામાં આવ્યુ તેમની સાથે અનાર પટેલ અને દાંતા રાજવી અજય રાજ સિંહ પરમાર હતા.

ગુજરાતી ગાયિકા કિંજલ દવે ભાજપમાં જોડાયા

પ્રદેશ પ્રમુખ વાઘાણીએ કેસરિયો ખેસ પહેરાવ્યો : કિંજલ પિતા સાથે કમલમમાં ભાજપમાં જોડાઈ : કિંજલને પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા અને પ્રદેશ પ્રમુખે પક્ષમાં આવકારી

અમદાવાદ, તા.૨૩

જાણીતી લોકગાયિકા અને ચાર ચાર બંગડી...ફેમ કિંજલ દવે આખરે ભાજપમાં જોડાઈ ગઈ હતી. કિંજલ દવે ભાજપમાં જોડાતાં ભાજપને બહુ મોટો ફાયદો ચૂંટણીઓ અને તેના રાજકીય કાર્યક્રમો વખતે તેના લોકપ્રિય ગીતો ગવડાઈને ભાજપને મળી શકે તેવુ મનાઈ રહ્યું છે. ગાંધીનગર ખાતે આવેલા ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમમાં ગુજરાતી લાકગાયિકા કિંજલ દવે પહોંચ્યા હતા. જ્યાં ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ તેમને કેસરિયો ખેસ પહેરાવી ભાજપમાં વિધિવત્ પ્રવેશ આપ્યો હતો. કિંજલ દવે તેના પિતા સાથે ભાજપમાં જોડાઈ ગઈ હતી. ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડયા અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ કિંજલને પક્ષમાં આવકારી તેને અભિનંદન પણ પાઠવ્યા હતા.

કિંજલ દવેનો જન્મ તા.૨૪ નવેમ્બર ૧૯૯૯ના રોજ ઉત્તર ગુજરાતના પાટણના નાનકડા એવા ગામ જેસંગપરાના ગરીબ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. કિંજલ દવેનું બાળપણ ખૂબ જ વિકટ પરિસ્થિતિમાં પસાર થયું છે. કિંજલના પિતા લલિત દવે હિરા ઘસવાની સાથે સાથે ગીતો લખવાનો પણ શોખ ધરાવતા હતા.

કાનજી સંપ્રદાયના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વરદા ગાદીપતિ

મહંત ભીમસિંહ ચૌહાણનું શામળાજી પાસે કાર અકસ્માતમાં મોત

શામળાજી, તા. ૨૩

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીથી હિંમતનગર સુધીનો હાઈવે અકસ્માત ઝોન તરીકે ઉભરી રહ્યો હોય તેવો વાહન ચાલકો અહેસાસ અનુભવી રહ્યા છે. શામળાજી નજીક સુનોખ પાટિયા નજીક મહિન્દ્રા મારઝોના ચાલકે સામેથી હોન્ડા અમેઝ કારને ધડાકાભેર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

હોન્ડા અમેઝ કારમાં સવાર અખિલ ભારતીય કાનજી સંપ્રદાયના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વરદા (રાજસ્થાન) ગાદીપતિ મહંત ભીમસિંહ ચૌહાણના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે શામળાજી રેફરલ હોસ્પિટલમાં ખસેડાતા સારવાર કારાગત નીવડે તે પહેલા પ્રાણ ત્યજી દેતા ભારે ચકચાર મચી હતી. કાર ચાલક અને તેમના અનુયાયી અમદાવાદ ઘાટલોડિયા સતાધાર કોમ્પ્લેક્ષમાં રહેતા અક્ષય રાજેશભાઈ શાહના માથાના ભાગે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતની ઘટનાની જાણ શામળાજી પીએસઆઈ શર્મા અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પૂર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અખિલ ભારતીય કાનજી સંપ્રદાયના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વરદાના ગાદીપતિ મહંત ભીમસિંહ ચૌહાણનું અકસ્માતમાં કમકમાટીભર્યું મોત નિપજતા મોટી સંખ્યામાં સંપ્રદાયના અગ્રણીઓ અને તેમના અનુયાયીઓ શામળાજી ખાતે દોડી આવ્યા હતા અને અચાનક મહંતની વિદાયથી આઘાતમાં સારી પડ્યા હતા.

રાજસ્થાનના ડુંગરપુરના વરદાના ગાદીપતિ અને અખિલ ભારતીય કાનજી સંપ્રદાયના રાષ્ટ્રીય અધ્યક્ષ મહંત ભીમસિંહ ચૌહાણ તેમના અમદાવાદ ખાતે રહેતા અનુયાયી અક્ષય રાજેશભાઈ શાહની હોન્ડા અમેઝ કારમાં ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા અમદાવાદ આવી રહ્યા હતા. શામળાજી નજીક આવેલા સુનોખ પાટિયા નજીક હોન્ડા અમેઝ (ગાડી.નં-જીજે.૦૧.આરએક્સ.૦૯૭૧)ની કારને હિંમતનગરથી શામળાજી તરફ આવતા મહિન્દ્રા મારઝો (ગાડી નં-જીજે.૧૮.બીકે.૨૦૧૧)ના ચાલકે ધડાકાભેર સામેથી ટક્કર મારતા કારમાં સવાર મહંત ભીમસિંહ ચૌહાણના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નીપજયું હતું. અક્ષયભાઈના માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિક પૂર્વરત કરાવી અક્ષય રાજેશભાઈ શાહની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર મારઝો કારના ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



ભાજપનો ભગવો જંગી બહુમતીથી લહેરાયો : ભિલોડા તાલુકા પંચાયતની ખેરાડી બેઠકની પેટા ચુંટણીનું પરીણામ જાહેર કરાયું હતું. ભાજપનો ભગવો જંગી બહુમતીથી લહેરાયો હતો.ખેરાડી તાલુકા પંચાયત બેઠક પેટા ચુંટણીની મતગણતરી વહીવટી તંત્ર ધ્વારા હાથ ધરાઈ હતી.ખેરાડી બેઠક ભાજપના ઉમેદવાર જીવાભાઈ આંબાભાઈ વણકર જંગી બહુમતીથી વિજેતા જાહેર કર્યા હતા. કોંગ્રેસના ઉમેદવાર લીલાબેન ઈશ્વરભાઈ સુતરીયાનું કારમો પરાજય થયો હતો. ભાજપના હોદ્દેદારો, કાર્યકરોએ વિજેતા ઉમેદવારને હાર પહેરાવી અબીલ, ગુલાલની છોડો ઉડાડી વિજયોત્સવ મનાવ્યો હતો. કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો સર્જાયા હતા.

ભિલોડામાં જીલ્લા કક્ષાની સુબ્રોટો કપ ફુટબોલ સ્પર્ધા યોજાઈ

ભિલોડા,તા.૨૩

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલય પરીસરમાં જીલ્લા કક્ષાની સુબ્રોટો કપ ફુટબોલ સ્પર્ધા યોજાઈ હતી.અરવલ્લી જીલ્લા રમત-ગમત અધિકારી કચેરી,અરવલ્લી જીલ્લા અને યુવા સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર ધ્વારા આયોજીત સુબ્રોટો કપ ફુટબોલ સ્પર્ધા યોજાઈ હતી. અરવલ્લી જીલ્લા ફુટબોલ સ્પર્ધાના કન્વીનર મુકેશભાઈ સી.ત્રિવેદી (શિક્ષક, એન. આર. એ. વિદ્યાલય, ભિલોડા)એ જણાવ્યું હતું કે ફુટબોલ સ્પર્ધામાં ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ ચેમ્પીયન જાહેર કરાઈ અને એન.આર.એ. વિદ્યાલય રનર્સઅપ બની હતી.

ભિલોડા તાલુકા રીક્ષા એસોસીએશન બેઠક યોજાઈ

ભિલોડા,તા.૨૩

ભિલોડા તાલુકાના રીક્ષા ચાલકો અને સંચાલકોના પડતર પ્રશ્નો અને હાલાકી સંદર્ભે રીક્ષા ચાલકોની બેઠક સહકારી જીન પરીસરમાં યોજાઈ હતી. પ્રાઈવેટ સી. એન. જી. રીક્ષાઓનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધી રહ્યું છે. ભિલોડા તાલુકા ભારતીય જનતા રીક્ષા એસોસીએશન નામ બેઠક દરમ્યાન જાહેર કરાયું હતું. ભિલોડા તાલુકા મથક ખાતે પ્રાઈવેટ રીક્ષા સ્ટેન્ડ, પાર્કિંગની જગ્યા મેળવવા સંદર્ભે ચર્ચાઓ કરી હતી.

અરવલ્લી જીલ્લા આદિજાતી મોરચો મહામંત્રી શૈલેષકુમાર જી. મોથલીયાએ રીક્ષા ચાલકોને ડ્રાઈવીંગ સંદર્ભે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે દિન-પ્રતિ-દિન અકસ્માતોનું પ્રમાણ માર્ગો ઉપર વધતાં નિર્દોષ વ્યક્તિઓ મોતના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. રીક્ષા ચાલકોએ ફરજીયાત ડ્રાઈવીંગ લાયસન્સ, વિમો રાખવો આવશ્યક છે. રીક્ષા નિયત ગતિ મર્યાદામાં હંકારવી, મર્યાદિત મુસાફરો બેસાડવા હાકલ કરાઈ હતી.રીક્ષા ચાલકોએ મુસાફરો સાથે સભ્યતા પુર્વક વર્તન કરવું આવશ્યક છે. મુસાફરોને પોષાય તેવી રીતે પ્રમાણીક રીતે રીક્ષા ચાલકોએ ન્યાયીક ભાડા વસુલવા જોઈએ તેમ જણાવ્યું હતું. ભિલોડા તાલુકા ભારતીય જનતા રીક્ષા એસોસીએશન પ્રમુખ પદે શૈલેષભાઈ અસારી, ઉપપ્રમુખ મનોજભાઈ ભોઈ, મંત્રી રઘજીભાઈ કલાસવા સહિત હોદ્દેદારો, કારોબારી સભ્યોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાઈ હતી.

પ્રાંતિજ ખાતે કિસાન ક્રાંતિ ટ્રસ્ટ દ્વારા પ્રાન્ત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કિસાન ક્રાંતિ ટ્રસ્ટ દ્વારા પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયાને વિવિધ માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યુ હતુ.

પ્રાંતિજ ખાતે કાર્યરત કિસાન ક્રાંતિ ટ્રસ્ટ દ્વારા ખેડૂતોના હિતમાં અને ખેડૂતોની વિવિધ માગણીઓ સાથે આજે પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે આવીને પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી સોનલબા પઢેરીયાને આવેદનપત્ર આપ્યુ હતું. આવેદનપત્રમાં ખેડૂત હિત પ્રશ્નોની રજુઆત તથા ખેડૂતોના દેવામાફી તથા આવેદનપત્ર દ્વારા ખેડૂતોએ ખેતી છોડવા માટે દેશના પ્રધાનમંત્રીને રજુઆતો કરવામાં આવી છે. બીજી બાજુ ખેડૂતોના દેવામાફી કરવામાં આવતા નથી પણ ધારાસભ્યના પગાર વધારો કરવામાં આવે છે તો આગામી સમયમાં તાલુકા અને જિલ્લા પંચાયતોની સ્થાનિક ચુંટણીઓમાં ખેડૂત પરિવારો દ્વારા નોટામાં મત આપીને વિરોધ કરવામાં મજબુર બનશે. રાસાયણીક ખાતરોમાં ૫૦ ટકા સુધી ઘટાડવાની તથા ૦ ટકા વ્યાજની જે ૩ લાખની મર્યાદા છે તેને વધારીને પલાખ સુધી કરી આપવી તથા ખેડૂતોના દેવામાફ કરવા સહિતની વિવિધ માગણીઓ સાથે પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

રૂફટોપ સોલાર એનર્જી અંગે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને

રાજ્યમાં ૨૬૧.૯૭ મેગાવોટનું ઈન્સ્ટોલેશન : રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા સવાલના જવાબમાં ખુલાસો : ગુજરાત બાદ મહારાષ્ટ્ર બીજા ક્રમાંકે

ગાંધીનગર, તા.૨૩

રૂફટોપ સોલાર પ્રોજેક્ટ સ્થાપનની બાબતે દેશભરમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે આવ્યું છે. તા.૨૩ જુલાઈ , ૨૦૧૯ની સ્થિતિએ ગુજરાતની કુલ રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશન કેપેસિટી ૨૬૧.૯૭ મેગા વોટ (એમડબલ્યુ)ની હતી. ભારતમાં કુલ રૂફટોપ સોલર ઈન્સ્ટોલેશન ૧,૭૦૦.૫૪ મેગાવોટ જેટલું છે. ગુજરાત પછી અનુક્રમે મહારાષ્ટ્ર ૧૯૮.૫૨ મેગા વોટ સાથે બીજા ક્રમે અને તમિલનાડુ ૧૫૧.૬૨ મેગા વોટ સાથે ત્રીજા ક્રમે આવ્યું છે. કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા રાજ્યમંત્રી આર. કે. સિંહે રાજ્યસભામાં આજે ઉપરોકત માહિતી રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુતરમાં આપી હતી.

કેન્દ્રીય મંત્રીના જવાબ મુજબ, ભારત સરકારે ગ્રીડ કનેક્ટેડ રૂફટોપ સોલાર પ્રોગ્રામ હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ માટે કુલ રૂ. ૬૭૮.૦૧ કરોડ, વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ. ૧૬૯.૭૩ કરોડ અને વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૪૪૬.૭૭ કરોડની નાણાંકીય સહાય-પ્રોત્સાહન પ્રદાન કર્યા છે. ભારત સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪૦,૦૦૦ મેગાવોટના રૂફટોપ સોલાર (આરટીએસ) પ્રોજેક્ટ્સની સ્થાપનાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, જેમાં ઘરની છત પર આર.ટી.એસ.ની સ્થાપનાનો સમાવેશ થાય છે.

રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણી આર. ટી. એસ.દ્વારા પેદા થતા વીજળીના જથ્થાને પ્રાપ્ત કરવા માટે ફાળવવામાં આવેલા ભંડોળ અને ઘરની છત પર સોલાર પેનલો સ્થાપિત કરીને વીજ ઉત્પાદન માટે સરકાર દ્વારા નિર્ધારિત કરાયેલા લક્ષ્ય વિશે જાણવા માંગતા હતા. જેના પ્રત્યુતરમાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં થયેલા ૨૬૧.૯૭ મેગા વોટના ઈન્સ્ટોલેશનમાંથી ૧૮૩.૫૧ મેગા વોટ સબસિડીયુક્ત ઈન્સ્ટોલેશન્સ છે અને ૭૮.૪૫ મેગા વોટ સબસિડી રહિત ઈન્સ્ટોલેશન્સ છે. મંત્રીએ જવાબમાં સ્પષ્ટ કર્યું હતુ કે, ઘરની છત પર સ્થાપિત સોલાર પેનલ દ્વારા પેદા થતી ઉર્જાના જથ્થાના મૂલ્યાંકન માટે કોઈ ઔપચારિક અભ્યાસ કરવામાં આવ્યો નથી.

વરસાદના અભાવે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવેતરનુ કામ હજુ સુધી શરૂ કર્યુ નથી. ગાંધીનગરમાં પણ ઉનાળા પુર્વે થી જ વનતંત્રએ ખાડાઓ ખોદી વાવેતર માટે તૈયારી કરી દીધી હતી. શહેરમાં વન આરક્ષિત ખાલી જગ્યામાં અવનવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરાયુ છે. પરંતુ ખાડાઓ ખોદીને વાવેતર માટે સજ્જ વનતંત્ર વરસાદના લીધે હજુ સુધી નવા રોપાઓની વાવણી કરી શક્યુ નથી. જિલ્લામાં અંદાજિત ૨૨ લાખ જેટલા રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરાયુ છે. નર્સરીઓમાં રોપાઓ તૈયાર કરી દેવાયા છે. જયારે નર્સરી કક્ષાએથી રોપાઓનુ વિતરણ પણ કરવામાં આવી રહ્યુ છે. નવા રોપાઓ લઈ જવા માટે વિવિધ સંસ્થાઓ પણ ઉત્સાહ દાખવી રહી છે. પરંતુ વરસાદના હોવાથી નવા રોપાઓની વાવણી ચિંતાનો વિષય બની ગયો છે. સુકારાના લીધે કેટલાક ઠેકાણે રોપાઓ મુર્જાઈ ગયા છે. મેઘરાજા મનમુકીને વરસે તો વનતંત્ર દ્વારા ઉત્સાહભેર રોપાઓની વાવણીનુ કામ હાથ ધરાશે. ગાંધીનગર શહેરને પણ વધુ હરિયાળુ બનાવવા માટે વનતંત્ર દ્વારા રોપાઆની વાવણી માટે નવતર આયેજન કરાયુ છે. નગરના મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ સુશોભિત પ્લાન્ટેશન સાથે નવા રોપાઓનો ઉછેર કરવામાં આવશે. પરંતુ વરસાદના વિલંબથી નગરની હરિયાળીને બરકરાર રાખવાનુ મુશ્કેલ બન્યુ છે. શહેરના ઉદ્યાનોમાં પણ વરસાદના અભાવે હરિયાળી પ્રભાવિત થઈ છે.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે સહાયની કોઈ યોજના અમલમાં છે જયારે આ અંગેના પ્રશ્ન સંદર્ભે રજુ કરાયેલા જવાબમાં જણાવાયા મુજબ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ૧૦ સંસ્થાઓને સહાય ચુકવવામાં આવી છે. જયારે આ અંગે રજુ થયેલા વધુ એક પ્રશ્નના જવાબમાં જણાવાયા મુજબ ગૌ શાળા તેમજ પાંજરાપોળને આંતરમાળખાકીય સહાય આપવાની યોજના અન્વયે જિલ્લાની ૯ પાંજરાપોળને રૂ ૨૫ લાખની સહાય ચુકવવામાં આવી છે. જયારે ગૌચર વિકાસની તાલીમ માટે પણ ૫ તાલીમ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.ગૌચર વિકાસ કરવા માંગતી સંસ્થાઓને ઘાસચારા માટે સુધારેલ બિયારણ પુરુ પાડવાની યોજના અન્વયે જમીન ધરાવતી ગૌશાળા, પાંજરાપોળ અને ગૌચર માટે ગ્રામ પંચાયતોને બિયારણ પુરુ પાડવામાં આવે છે. જયારે વર્ષ દરમિયાન આ અન્વયે ૯૨૮ કીટસ બિયારણનુ વિતરણ કરાયુ છે.

સ્માર્ટ વિલેજ યોજના અન્વયે ગામોની પસંદગી થશે

જિલ્લામાં સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત કેટલી ગ્રામ પંચાયતોને સ્માર્ટ વિલેજનો દરજ્જો આપવામાં આવ્યો તે અંગેના ઉત્તરમાં જણાવાયુ હતુ કે સ્માર્ટ વિલેજ યોજના અન્વયે ગામોની પસંદગીની બાબત પ્રક્રીયા હેઠળ છે.

સરકાર ગબડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્ણાટકના રાજકીય ઈતિહાસમાં પ્રથમ વખત આવું બન્યું છે જ્યારે ગૃહમાં ધારાસભ્યોની ગણતરી ફિઝિકલીરીતે કરવામાં આવી હતી. ૧૫ અસંતુષ્ટ ધારાસભ્યોના રાજીનામા બાદ કોંગ્રેસ અને જેડીએસ બંને પક્ષોના લોકો સરકાર બનાવવા અને બચાવવા માટે લાગેલા હતા. છેલ્લા કેટલાક દિવસથી શાસક પક્ષ દ્વારા વિશ્વાસ પ્રસ્તાવને ટાળવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આને લઈને રાજ્યપાલ સાથે પણ વિખવાદ થયો હતો. મામલો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો હતો. મુખ્યમંત્રી કુમારસ્વામીએ પણ સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરીને રાજ્યપાલ સામે વાંધો ઉઠાવ્યો હતો અને દરમિયાનગીરી કરવાનો આક્ષેપ કર્યો હતો. ઉથલપાથલના દોર વચ્ચે આજે મતદાન થયું હતું. કુમારસ્વામીની સરકાર માટે આજે છેલ્લો દિવસ સાબિત થયો હતો. વિશ્વાસમત ઉપર ચર્ચા હાલમાં ચાલી રહી હતી. કુમારસ્વામીના ભાગ્યને લઈને આજે ફેંસલો થયો હતો. સરકાર ગબડી પડ્યા બાદ કુમારસ્વામી રાજીનામુ આપવા પહોંચ્યા હતા.

મહાજુઠ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદી ગતિવિધિઓનો પાકિસ્તાન અંત લાવે તેવી ઈચ્છા પણ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા નિવેદન કરીને ભારતના લોકોને શાંત કરવાના પ્રયાસ કર્યા હતા. અગાઉ આજે અમેરિકી પ્રમુખ ટ્રમ્પે પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન સાથેની વાતચીતમાં એમ કહીને ચર્ચા જગાવી હતી કે, કાશ્મીરના મુદ્દા ઉપર મધ્યસ્થી માટે તૈયાર છે. તેમણે વાતચીત દરમિયાન એમ કહીને હોબાળો મચાવ્યો હતો કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી કાશ્મીર પર તેઓને મધ્યસ્થી કરવા માટે અપીલ કરી હતી. જો કે, આ તમામ દાવાઓ અંતે પોકળ સાબિત થયા હતા. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કાશ્મીરના મામલે મધ્યસ્થતા કરવા સાથે સંબંધિત નિવેદન કર્યા બાદ અમેરિકાની મુશ્કેલી વધી ગઈ છે. ટ્રમ્પે ભુલ કર્યા બાદ હવે વ્હાઈટ હાઉસના તમામ પ્રધાનો અને અધિકારીઓ ડેમેજ કન્ટ્રોલ કવાયતમાં લાગી ગયા છે. ટ્રમ્પની નબળાઈ પણ આના કારણે જાહેર થઈ ગઈ છે. વૈશ્વિક સમુદાય પ્રત્યે ટ્રમ્પની કુશળતાની પણ પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન હાલમાં અમેરિકા પહોંચ્યા છે. ઈમરાન ખાન સાથેની બેઠક દરમિયાન ટ્રમ્પે કાશ્મીર મુદ્દા પર ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થતાને લઈને ઓફર કરી હતી. ત્યારબાદથી ટ્રમ્પ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ટ્રમ્પે વાતચીત દરમિયાન એમ કહ્યુ હતુ કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે હાલમાં યોજાયેલી વાતચીત દરમિયાન તેઓને મોદીએ મધ્યસ્થતા કરવા માટેની વાત કરી હતી.

છેલ્લા દાયકામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલાથી સ્પષ્ટ થાય છે કે, ભારત પર હુમલા કરવા માટે આતંકવાદીઓ સતત તૈયારી કરતા રહે છે. ભારતને ટાર્ગેટ બનાવવા માટે ત્રાસવાદીઓ ઈચ્છુક રહે છે. ભારતના જવાબમાં બાલાકોટમાં જૈશના સૌથી મોટા ટ્રેનિંગ કેમ્પ ઉપર હવાઈ હુમલા કરાયા હતા. આવા હુમલાઓનો દોર ભવિષ્યમાં પણ જારી રાખવામાં આવશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારત પોતાની રાષ્ટ્રીય સુરક્ષા માટે કઠોર પગલા લેવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. પાકિસ્તાને ત્રાસવાદી સંગઠનોને સમર્થન આપવાનું બંધ કરવું જોઈએ. સાથે સાથે તેના દેશમાં રહેલા આતંકવાદી માળખાઓને નષ્ટ કરવાની દિશામાં પહેલ કરવી જોઈએ. કિસન રેડ્ડીએ આજે તમામ આંકડાકીય માહિતી પુરી પાડી હતી.